Ch 8

[Q - 1]. - શોધી કાઢો.

(1) તમે કોઈ વ્યકતીને જાણો છો જેમને મેલેરિયા થયો હતો?

- હા, મારા કાકાને મેલેરિયા થયો હતો.

(2) તેઓને કેવી રીતે ખબર પડી કે તેમણે મેલેરિયા થયો હતો?

- તેને થોડા દિવસથી માથું અને હાથ-પગ દુખતા હતા. તે ઉપરાંત ઠંડી અને ધ્રૂજારી સાથે તાવ આવતો હતો. ડોક્ટરે તેના લોહીની તપસ કરવી તો ખબર પડી કે તેને મેલેરિયા થયો હતો.

(3) તેમને મેલેરિયામાં કેવી રીતે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો?

- તેને મેલેરિયા થવાથી: (1) તેને ઠંડી વાઈને ધ્રૂજરી સાથે ખુબજ તાવ આવતો હતો. (2) તાવ ચડ-ઉતર થતો હતો. (3) માથું અને હાથ-પગ સખત દુખતા હતા. (4) શરીરમાં અશક્તિ લાગતી હતી.

(4) મચ્છરના કરડવાથી બીજા ક્યાં રોગો થાય છે?

- મચ્છરના કરડવાથી મેલેરિયા ઉપરાંત ડેન્ગ્યુ, ચિકન ગુનીયા અને ફાઈલેરિયા જેવા રોગો થઈ શકે છે.

(5) કઈ ઋતુમાં મચ્છર વધારે હોય છે? તમારા માટે આવું કેમ થયું?

- વરસાદની ઋતુમાં મચ્છર વધારે હોય છે. કારણ કે આ ઋતુમાં ઠેર ઠેર ખાડા અને ખાબોચિયામાં પાણી ભરાય છે. તે સિવાય જૂના ટાયર, કુંડા, ફૂટેલા માટલાં વગેરેમાં પાણી ભરાય છે. આવા ગેંદા પાણીમાં મચ્છર ઈંડા મૂકે છે. તેથી વરસાદની ઋતુમાં વધારે મચ્છર હોય છે.

(6) તમે તમારા ઘરમાં તમારી જાતને મચ્છરથી કેવી રીતે બચાવો છો? તમારા મિત્રો પાસેથી પણ શોધી કાઢો તેઓ શું કરે છે?

- મચ્છરોથી બચવા માટે મારા ઘરમાં ડી.ડી.ટી. નો છંટકાવ કરવામાં આવે છે. અમે રાત્રે મચ્છરદાનીમાં સૂઈ જઈએ છીએ. મારા મિત્રો પણ તેમના ઘરે ઓલઆઉટ, ધૂપ, ઓડોમસની ટ્યુબ અથવા મચ્છરદાનીનો ઉપયોગ કરે છે.

(7) અહી આપેલો લોહીનો તપાસનો રિપોર્ટ જુઓ. રિપોર્ટમાં ક્યાં શબ્દોથી આપણને જાણવા મળે છે કે તે માણસને મેલેરિયા છે?

➢ રિપોર્ટમાં નીચે લખેલું છે કે – લોહીમાં મેલેરિયાના જંતુઓની હાજરી જણાઈ. આ શબ્દ પરથી આપણને ખબર પડે છે કે આ માણસને મેલેરિયા છે. તે સિવાય રોગની ઓળખમાં પણ ઠંડી અને ધ્રૂજારી સાથેનો તાવ એવું લખેલું છે. આ પરથી પણ જાણી શકાય કે મેલેરિયાના લક્ષણો છે.

[Q - 2]. - પાંડુરોગ – તે શું છે?

(1) આરતીના લોહિતપાસના રિપોર્ટ જુઓ અને ઓછામાં ઓછું કેટલું હિમોગ્લોબિન જરૂરી છે. તે શોધી કાઢો.

➢ આરતીના લોહીની તપસના રિપોર્ટ પ્રમાણે ઓછામાં ઓછા 12 gm/dl હિમોગ્લોબિન જરૂરી છે.

(2) આરતીનું હિમોગ્લોબિન કેટલું વધ્યું અને તેના માટે કેટલો સમય લાગ્યો?

➢ આરતીનું હિમોગ્લોબિન પહેલા 8 gm/dl હતું. તે વધીને 12.5 gm/dl થયું. રિપોર્ટની તારીખ જોતા તેના માટે તેને 5 મહિના અને 17 દિવસનો સમય લાગ્યો.

(3) સમાચાર પત્રના લેખ પાંડુરોગના લીધે થતી મુશ્કેલીઓ વિષે શું કહે છે?

➢ સમાચાર પત્રના લેખ પાંડુરોગના લીધે બાળકોના શારીરિક અને માનસિક સ્વાસ્થ પર અસર પડે છે. તેના લીધે બાળકોના વિકાસ બરાબર થતો નથી અને તેમની કાર્યશક્તિમાં તેમજ ભણવાની ક્ષમતા પર અસર કરે છે.

(4) તમને કે તમારા પરિવારના કોઈ સભ્યને લોહીની તપાસ કરવાની જરૂર પડી હતી? ક્યારે અને કેમ?

➢ હા, મારા ભાઈને ખૂબ જ તાવ આવતો હતો અને દવા લેવા છતાં ફરક પડતો ના હતો. ત્યારે ડોક્ટરે તેની લોહીની તપાસ કરવી હતી.

(5) લોહીની તપાસ થી શું શોધવામાં આવ્યું?

- લોહીની તપાસથી શોધવામાં આવ્યું કે તેને ડેન્ગ્યુ થયો છે.

(6) તમારી શાળામાં આરોગ્ય તપાસ કરવામાં આવે છે? તમને ડોક્ટરે શું કહ્યું?

- હા, અમારી શાળામાં દર વર્ષે આરોગ્ય તપાસ કરવામાં આવે છે. ડોકટરે મને મારી તંદુરસ્તીસારી હોવાનું જણાવ્યું હતું.

[Q - 3]. - શોધી કાઢો.

(1) ડોક્ટર અથવા વડીલોને પૂછો કે કયા કયા ખોરાકમાં લોહતત્વ હોય છે?

- ડોકટરને લોહતત્વ વિષે પૂછાતા જણાવ્યું કે લીલા શાકભાજી, પાલક, બાજરી, ફણગાવેલા કઠોળ, ખજૂર, ગોળ, બીટ વગેરેમાં સારા પ્રમાણમાં લોહતત્વ હોય છે.

[Q - 4]. - પોરા (બાળ મચ્છર) - શોધી કાઢો અને લખો.

(1) તમે આના જેવુ પોસ્ટર ક્યાય જોયું છે?

- હા, મે આના જેવુ પોસ્ટર બી.આર.ટી.એસ.ના બસ સ્ટેન્ડ અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની બહાર જોયું છે.

(2) તમારા વિચારે આવા પોસ્ટરો કોણે મૂક્યા છે? અથવા સમાચાર પત્રોમાં આવી જાહેરાત કોને આપી છે?

- મારા વિચારે આવા પોસ્ટર અને સમાચાર પત્રોમાં આવતી જાહેરાતો સરકારના આરોગ્ય વિભાગ દ્વારા મૂકવામાં આવે છે.

(3) પોસ્ટરમાં કયા મહત્વના મુદાઑ આપેલા હોય છે?

- પોસ્ટરમાં નીચે પ્રમાણેના મહત્વના મુદાઑ આપેલા હોય છે. જેવા કે (1) તમારા ઘરની આસપાસ પાણી એકઠું ન થવા દો. ખાડાઓ પૂરી દો. (2) સુવા માટે મચ્છરદાનીનો ઉપયોગ કરો. (3) પાણીની ટાંકી, કુલરનું પાણી બદલાવતા રહો. પાણીના ઘડા બરાબર સાફ કરો. તેને દર અઠવાડિયે સૂકવી દો. (4) આસપાસ કોઈ જગ્યાએ પાણી ભરાયું હોય તો તેના પર કેરોસીનનો છંટકાવ કરો.

(4) તમારા માટે આવા પોસ્ટરમાં ટાંકી, કુલર, જૂના ટાયર, કુંડા અને ઘડાઓ શ માટે બતાવવામાં આવે છે.

➢ પોસ્ટરમાં ટાંકી, કુલર, જૂના ટાયર, કુંડા અને ઘડાઓમાં પાણી ભરયેલું હોવાથી ત્યાં મચ્છર ઈંડા મૂકે છે. આ ઈંડા વિકાસ પામી મચ્છર બને છે. આમ પાણી ભરાયેલી જગ્યાઓ મચ્છરની ઉત્પતિનું સ્થાન છે. તેથી પોસ્ટરમાં આવી જગ્યાઓ બતાવવામાં આવે છે. જેથી આપણે તે જગ્યાઓ સાફ રાખીને મચ્છર જન્ય રોગોથી બચી શકાશે.

[Q - 5]. - વિચારો

(1) તમારા મતે ટાંકીમાં માછલીઓ મૂકવાનું શા માટે કહેવામા આવે છે. માછલીઓ શું ખાતી હશે?

➢ મારા મતે માછલીઓ મચ્છર ઈંડા ખાઈ જાય છે. તેથી ટાંકીમાં માછલીઓ મૂકવાનું કહેવામા આવે છે?

(2) જ્યારે તેલ પાણી ઉપર ફેલાય ત્યારે શું થશે?

➢ તેલ પર પાણી ફેલાય ત્યારે તેલનું પાતળું પડ પાણી પર તરે છે. આના લીધે મચ્છરના પોરાને ઑક્સીજન મળતો અટકે છે અને તે જીવી શકતા નથી. આમ મચ્છરની ઉત્પતિઅટકે છે.

(3) માખીઓ દ્વારા ક્યાં રોગો ફેલાય છે અને કેવી રીતે?

➢ માખીઓ દ્વારા મરડો, ટાઇફોઈડ અને અતિસાર (ડાયેરિયા) જેવા રોગો થાય છે. માખીઓ ગંદી જગ્યાઓ જેવી કે થૂંક, ગળફાં, કચરાના ઢગલા, એઠવાડ, માલ, ઊલટી, ગંદા નાળા પર બેસે છે. તે પોતાના પગમાં રોગના જંતુઓ લઈને ખોરાક પર બેસે છે અને ખોરકમાં રોગોના જંતુઓ ઠાલવે છે. આવો ખોરાક લેવાથી બીમાર પડાય છે.

[Q - 6]. - મચ્છરની તપાસ

તમારી શાળાની આસપાસના વિસ્તારમાં તપાસ કરો જો ક્યાય બંધિયાર પાણી જોવા મળે ત્યાં ખરું લખો.     ઘડો: ખરું, કુલર: ખરું, ટાંકી: ખરું, ગટર: ખરું, કોઈ બીજી જગ્યા: ખાડામાં ભરાતું વરસાદનું પાણી: ખરું, શાળાના મેદાનની ખુલ્લી જગ્યા: ખોટું

(1) ત્યાં કેટલા દીવસથી પાણી  ભરાયેલુ છે?

➢ ત્યાં સાત-આઠ દીવસથી પાણી  ભરાયેલુ છે.

(2) આ જગ્યાઓને ચોખ્ખી રાખવાની જવાબદારી કોની છે?

- આ જગ્યાઓમાં શાળા ચોખ્ખી રાખવાની જવાબદારી શાળાના વહીવટીકર્તાઓની અને રસ્તા પરની જગ્યાઓ ચોખ્ખી રાખવાની જવાબદારી નગરપાલિકાની છે.

(3) ગટરો અને નાળાનું સમારકામ કોને કરવાનું હોય?

- ગટરો અને નાળાનું સમારકામ નગરપાલિકાએ કરવાનું હોય છે.

(4) સંગ્રહાયેલા પાણીમાં કોઈ પોરા જોઈ શકાયા છે?

- હા, સંગ્રહાયેલા પાણીમાં પોરા જોઈ શકાયા છે.

(5) તે વિસ્તારમાં તેનાથી કોઈ મુશ્કેલી થઈ? લખો.

- હા, આ વિસ્તારમાં મચ્છર અને માખીનો ઉપદ્રવ વધી ગયો છે. ત્યાના લોકોમાં મચ્છરજન્ય રોગચાળો ફાટી નીકળ્યો છે.

[Q - 7]. - કહો.

(1) તમે પાણીમાં કે તેની આસપાસ લીલ જોઈ શકો છો?

- હા, અમે તળાવના પાણીમાં તેમજ તેની આજુબાજુના વિસ્તારમાં લીલ જોઈ શકીએ છીએ.

(2) તમે લીલ બીજે ક્યાં જોઈ છે?

- હા, મે ભીની દીવાલ પર, કૂવાની દીવાલો પર, વનસ્પતિના કુંડમાં, ખાડો-ખાબોચિયાના પાણીમાં લીલ જોઈ છે.

(3) પાણીમાં કે તેની આસપાસ છોડ ઊગે છે? તેમના નામ શોધી કાઢો. તેમાંના થોડા તમારી નોટબુકમાં લખો.

- પાણીમાં કે તેની આસપાસ લીલ, કમળ, જલકુંભી જેવા છોડ ઊગે છે.

(4) તમે શું વિચારો છો તે કોઈએ ઉગાડ્યા છે. કે તેની જાતે ઊગી નીકળ્યા છે?

- પાણીમાં ઉગેલા છોડ કોઈએ ઉગાડ્યા નથી. તે જાતે ઊગી નીકળ્યા છે.

(5) તમે પાણીમાં બીજું શું જોઈ શકો છો? યાદી બનાવો.

- અમે પાણીમાં મચ્છર, પોરા, માછલી, દેડકા, દેડકા, બતક વનસ્પતિના પાંદડા અને ડાળખા જોઈ શકીએ છીએ.

[Q - 8]. - આપણે શું શીખ્યા?

(1) તમારા ઘર, શાળા અને પાડોશમાં મચ્છર ન થાય તેના માટે શું કરી શકો છો?

- અમારા ઘર અને પાડોશમાં મચ્છર ન થાય તેના માટે (1) કચરો, કચરા પેટીમાં જ નાખીશું અને કચરાપેટી ઢાકેલી રાખીશું. (2) ઘરની આજુબાજુ ક્યાય પણ પાણી ન ભરાય તેનું ધ્યાન રાખીશું. (3) આજુબાજુ ખાડા ખાબોચિયા હશે તો પૂરી દઈશું. (4) ભરાયેલા પાણી ને આજુબાજુની જગ્યામાં ડી.ડી.ટી. અને કેરોસીન છાટીશું.

(2) જો કોઈને મેલેરિયા હોય, તો તમે કેવી રીતે શોધશો?

- મેલેરિયાના લક્ષણો જણાતા હોય તેવા વ્યાકતીને ડોકટર પાસે લઈ જઇશું અને ડોકટરની સલાહ પ્રમાણે લેબોરેટરીમાં લોહીનો રિપોર્ટ કરાવીશું.